# ડીસા તાલુકામાંથી વધુ બે બોગસ તબીબ ઝડપાયા

## હોસ્પિટલની સાથે બોગસ મેડીકલ-પેરા મેડીકલ કોલેજ, નર્સીંગ કોલેજ ચલાવવાનું કૌભાંડ પકડાયું


(તસવીર : ધનેશ પરમાર, ડીસા)

ડીસા, તા. ૩૦

બનાસકાંઠા જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અરૂણ આચાર્યની સૂચનાથી બોગસ તબીબ ઝડપી પાડવા હાથ ધરાયેલ અભિયાનમાં ડીસા તાલુકાના શેકરા અને વિઠોદર ગામથી બે બોગસ તબીબો ઝડપાયા હતા. આ બંને તબીબો ડીગ્રી વિના એલોપેથીક પ્રેક્ટીસ કરતા હતા જે નાગરિકોના જીવન સાથે ચેડા કહી શકાય તેવું ગુનાહિત કૃત્ય આચરી રહ્યા હતા.

જિલ્લામાં મોટી સંખ્યામાં બોગસ તબીબો દર્દીઓની સાથે મોતનો અગનખેલ ખેલી રહ્યા હોવાની ફરિયાદો ઉઠતા જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અરૂણ આચાર્યે પહેલા ડીસા તાલુકા હેલ્થ અધિકારીને તપાસ સોંપી હતી પરંતુ 'સબસલામત'ના રિપોર્ટ સાથે આવા બોગસ તબીબોને પોષણ મળતા છેલ્લા ચાર વર્ષમાં એક પણ બોગસ તબીબ ઝડપાયા નહોતા. તાજેતરમાં ડીસા તાલુકા હેલ્થ અધિકારી તરીકે ડૉ. ઉમેશ ઝવેરીએ ચાર્જ સંભાળતા તેમનો અને જિલ્લા વહીવટી અધિકારી નટુભાઈ પટેલને વિશેષ ટીમ સાથે આવા તબીબોને શોધ તેમની સામે કડક કાર્યવાહી કરવા જિલ્લા આરોગ્ય વહીવટી અધિકારી ડૉ. અરૂણ આચાર્યએ આદેશ કરતા થોડા દિવસ અગાઉ ઝેરડા ગામેથી એક બોગસ તબીબ ઝડપી પાડેલ હતો. વધુ કાર્યવાહીમાં આજે શનિવારે એક ખાનગી દરોડા દરમ્યાન શેકરા ગામે ડીગ્રી વગર એલોપેથીક પ્રેકટીસ કરતા મુકેશ ગોસ્વામીની ધરપકડ કરી હતી અને તેની પાસેથી બે હજારથી વધુની કિંમતના ઈન્જેકશનો અને બાટલા સહિત દવાઓ પણ ઝડપી પાડી હતી. મુકેશ ગોસ્વામી વિરૂદ્ધ ડિસા તાલુકા હેલ્થ અધિકારી ડૉ. ઉમેશ ઝવેરીએ આગથળા પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

અન્ય એક દરોડામાં ડીસા તાલુકાના વિઠોદર ગામે રહેતા બોગસ તબીબ રમેશ રાવળની ૨૨સ્વતી આરોગ્ય ધામ નામની હોસ્પિટલમાં દરોડો પાડ્યો હતો. જ્યાં આ શખ્સ બોગસ ડીગ્રીના આધારે એલોપેથી દવાઓ રાખી દર્દીઓ સાથે ઊંટવૈદ્યી અખતરા દ્વારા તેમના જીવન સાથે ખેલી રહ્યો હતો. વધુ તપાસ દરમ્યાન જાણવામાં આવ્યું હતું કે રમેશ રાવળ તેના શ્રી સરસ્વતી ચેરીટેબલ ટ્રસ્ટના નામે ટ્રસ્ટ બનાવી શ્રી સરસ્વતી ઈન્ડીયન મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ તેમજ શ્રી સરસ્વતી પેરા મેડીકલ ઈન્સ્ટીટ્યુટ જેવી સંસ્થાઓ દ્વારા ભારત સરકાર માન્ય જી.એન. એન. નર્સિંગ, એમ.પી.એચ, ડબલ્યુ એસઆઈ, લેબ ટેકનીશીયન, એક્સરે ટેકનીશીયન જેવા આરોગ્ય વિષયક કોર્સ બોગસ સર્ટીફિકેટ દ્વારા ચલાવતો હોવાનું માલુમ પડ્યુ હતું. આમ દર્દીઓની સાથે સાથે દેશના ભવિષ્ય સમાન આશાસ્પદ વિદ્યાર્થીઓની કારકિર્દી સાથે પણ છેતરપીંડી કરી રહેલી આ શખ્સને વેડંચા મેડીકલ ઓફિસર રેશ્માબેન ઝુકાલની ટીમે ઝડપી ડીસા તાલુકા પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. આ દરોડામાં આરોગ્ય અધિકારીની ટીમે દવાઓના છ કાર્ટૂન તેમજ ઈસીજી મશીન પણ ઝડપી પાડ્યા હતા. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## મહેસાણા જિલ્લામાં રન ફોર યુનિટિ હેઠળ ૧.૫૦ લાખથી વધુ નાગરિકો જોડાશે

મહેસાણા, તા.૩૦

મહેસાણા જિલ્લા કલેકટરશ્રી રાજકુમાર બેનીવાલના અધ્યક્ષ સ્થાને આગામી ૧૫ ડિસેમ્બરે રન ફોર યુનિટિ કાર્યક્રમ યોજાશે. ભારતની અખંડીતતાને મજબૂત બનાવતો રન ફોર યુનિટી કાર્યક્રમ મહેસાણા જિલ્લાના દરેક તાલુકા સાથે અગિયારથી વધુ સ્થળે યોજાશે. જેમાં મુખ્ય કાર્યક્રમ મહેસાણા જિલ્લામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે તેમ જિલ્લા કલેક્ટરશ્રી રાજકુમાર બેનીવાલે જણાવ્યું હતું.

રન ફોર યુનિટિ કાર્યક્રમમાં મહેસાણા જિલ્લાના દોઢ લાખથી વધુ નાગરિકો જોડાશે અને એકતા અખંડિતતાનો સાદ ગુંજવશે. આ કાર્યક્રમમાં ભાગ લેનાર નાગરિકો www.runforunity.com ઓન લાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. તમામ નાગરિકોને પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરાશે.

## જવાનગઢ પાટીયા પાસે જીપ ચાલકે બસ પાછળ જીપ ટકરાવી : છથી સાત મુસાફરોને ઈજા

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગર તાલુકાના ગાંભોઈ નજીકના જવાનગઢ પાટીયા પાસે શુક્રવારે બપોરે મુસાફરો ભરેલ જીપના ચાલકે આગળ જતી એસ.ટી. બસ પાછળ જીપ ટકરાવી દેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની ઘટનામાં જીપમાં બેઠેલા છ થી સાત મુસાફરોને નાની-મોટી ઈજાઓ થતાં તેઓને સારવાર માટે ગાંભોઈ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડાયા હતા.

અકસ્માતના બનાવ અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર તાલુકાના સઢા ગામના જીપ ચાલક સુરેશભાઈ દુધાભાઈ ચમાર શુક્રવારે બપોરે જીપ નં. જીજે.૧૯.સી.૫૯૪૯માં મુસાફરો ભરી જવાનગઢના પાટીયા પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન આગળ જતી એસ.ટી. બસ નં. જીજે.૧૮.વાય. ૫૯૦૧ના પાછળના ભાગે જીપ ચાલકે જીપ અથડાવી દેતા અકસ્માત સર્જાયો હતો. જીપ ચાલકની બેદરકારીથી સર્જાયેલી અકસ્માતની ઘટનામાં જીપમાં બેઠેલા છ થી સાત મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચતા તેઓને સારવાર માટે ગાંભોઈના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડાયા હતા. અકસ્માતની ઘટના અંગે જામળા ગામના રહીશ નરેશગીરી ડાહ્યાગીરી ગોસ્વામીએ શુક્રવારે ગાંભોઈ પોલીસસ્ટેશનમાં જીપ ચાલક સુરેશભાઈ દુધાભાઈ ચમાર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા ગાંભોઈ પોલીસે ગુનો દર્જ કર્યો હતો અને બનાવ અંગેની તપાસ રાયગઢ પોલીસના જમાદાર મનસુખભાઈએ હાથ ધરી છે.

## યુનાઈટેડ નેશન્સ ડેની યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ઉજવણી

ઈડર, તા. ૩૦

યુનાઈટેડ નેશન્સ ડે ની ઉજવણી યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડરમાં કરવામાં આવી હતી. આ દિવસની ઉજવણી બ્રીટીશ કાઉન્સીલના આઈએસએ (ઈન્ટરનેશનલ સ્કૂલ એવોર્ડ) અંતર્ગત થઈ હતી. આ દિવસની ઉજવણીનો આશય બાળકોને સંયુક્ત રાષ્ટ્રો (યુનાઈટેડ નેશન્સની) સમજ આપવાનો હતો. યુનાઈટેડ નેશન્સની સ્થાપનાના હેતુઓ, કાર્યો અને વિવિધ એજન્સીઝની માહિતી બાળકોએ મેળવી હતી. બાળકોએ ગ્રુપમાં આ દરેક



બાબતો ઉપર પોતાનું પ્રેઝન્ટેશન આપ્યું હતું.

ધો. ૭ અને ૮ અંગ્રેજી માધ્યમના બાળકોએ પોસ્ટર પ્રેઝન્ટેશન અને ડિજીટલ પ્રેઝન્ટેશનની મદદથી યુએનના બે મહત્વના કેસીઝની માહિતી બાળકોને અને મહેમાનોને આપી હતી. બાળકોએ યુ એન નો **'Polio Eradication Initiative'** અને **'Un Working Hard for Seriya Crisis Solution'** આ બે બાબતો ઉપર રજૂઆત કરી હતી.

પ્રાથમિક કક્ષાના બાળકોએ આંતર રાષ્ટ્રીય સંસ્થા અંગે કરેલ રજૂઆતથી રોટરી ક્લબ ઓફ ઈડરના પ્રમુખશ્રી પ્રવીણભાઈ જયસ્વાલ ખૂબ પ્રભાવિત થયા હતા. વિશ્વશાંતિ માટે કામ કરતી સંસ્થા યુએન અંગે બાળકોએ મેળવેલ માહિતી તેમને 'વિશ્વ નાગરિક' બની વિશ્વશાંતિ માટે કામ કરવા ચોક્કસપણે પ્રેરિત કરશે.

## ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોમાં સામુહીક સફાઈ ઝુંબેશ યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૩૦

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના હિંમતનગર વિભાગ દ્વારા ખેડબ્રહ્મા ડેપો ખાતે સફાઈના અભિયાનના ભાગરૂપે સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. અગાઉ હિંમતનગર ખાતે યોજાયેલ. ડેપો મેનેજર, શાખા અધિકારીઓની મીટીંગમાં નાગરીક ફોરમ-વડોદરાના પ્રતિનિધિઓ દ્વારા વિભાગના બસ સ્ટેશનોની ગંદકી બાબતે પ્રેઝન્ટેશન કરવામાં આવેલ જેના અનુસંધાને બોર્ડ મેમ્બરશ્રી કુ. કૌશલ્યા કુંવરબા તથા વિભાગીય નિયામકશ્રી દ્વારા તરત નિર્ણય લઈ વિભાગના તમામ બસ સ્ટેશનોની સફાઈ કરવાનું નક્કી કરવામાં આવ્યું. જે મુજબ સૌ પ્રથમ મોડાસા ડેપોની સામુહિકસફાઈનું અભિયાન કરવામાં આવ્યું. ત્યારબાદ તબક્કાવાર વિભાગના અન્ય ડેપો ખાતે પણ અભિયાન યોજવાનું નક્કી કરવામાં આવેલ જે મુજબ ખેડબ્રહ્મા ડેપો ખાતે સફાઈનું અભિયાન યોજવામાં આવ્યું. આ સફાઈ અભિયાનમાં બોર્ડ મેમ્બરશ્રી કું. કૌશલ્યા કુંવરબા વિભાગીય નિયામક તથા વિભાગના તમામ અધિકારીઓ અને તમામ ડેપો મેનેજરો, નાગરીક ફોરમ-વડોદરાના બીરેનભાઈ પટેલ તથા બહોળી સંખ્યામાં કર્મચારીઓ તેમજ ત્રણેય યુનિયનના પદાધિકારીઓ ઉપસ્થિત રહી સફાઈ ઝુંબેશ હાથ ધરી હતી.

ખેડબ્રહ્મા ડેપોમાં હાથ ધરવામાં આવેલ સફાઈ ઝુંબેશમાં ડેપો કમ્પાઉન્ડ, બસ સ્ટેશન કમ્પાઉન્ડમાં લગભગ ૭૦ જેટલા કર્મચારીઓ દ્વારા એક જેસીબી મશીન તેમજ નગરપાલિકા ખેડબ્રહ્મા દ્વારા ફાળવેલ ટ્રેક્ટરો દ્વારા સફાઈ કરવામાં આવી હતી. આ સફાઈ અભિયાનમાં બોર્ડ મેમ્બરશ્રી કુ. કૌશલ્યા કુંવરબા અને વિભાગીય નિયામકશ્રી કમલ હસન દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. આ સફાઈ અભિયાનમાં નગરપાલિકા ખેડબ્રહ્માનો પણ ખૂબ સહયોગ મળેલ હતો. ડે.મે. એચ.જે. સગર દ્વારા આર્ડેકતા કોલેજના સંચાલકશ્રી આર.ડી. પટેલના સહયોગથી સદર સફાઈ ઝુંબેશમાં જોડાનાર કર્મચારીઓ માટે સામુહિક ભોજનની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવેલ તેમજ ગ્રેવીટી સ્કૂલ તરફથી ચા-નાસ્તાની વ્યવસ્થા અને આ અભિયાનને પ્રોત્સાહિત કરવા આઈ.ટી.આઈ. કોલેજના પ્રિન્સીપાલ ઠક્કર સાહેબ ખાસ ઉપસ્થિત રહી કામદારોને પ્રોત્સાહિત કરેલ. વધુમાં આ સફાઈ અભિયાનની વિગતોથી પ્રોત્સાહિત થઈ રોટરી કલબ ઈડર દ્વારા ઈડર ડેપો ખાતે કચરા પેટી રોટરી ક્લબના સહયોગથી કરવાની પણ જાહેરાત કરેલ છે. આ સફાઈ અભિયાનમાં સહયોગ આપવા જ્યોતિ હાઈસ્કૂલના તમામ કર્મચારીઓ દ્વારા રીશેષના સમયનો સદઉપયોગ કરી સફાઈમાં સહયોગ આપવા આવેલ જેઓ દ્વારા બસ સ્ટેન્ડ આવી સર્વે કરી મુસાફરોને સફાઈ પરત્વે જાગૃત કરવામાં આવેલ.

## સાબરકાંઠાના સાંસદ રેલવેની વણ ઉકેલાયેલી માંગણીઓ સંદર્ભે સત્યાગ્રહ પર બેઠા

### ડેમાઈ રેલવે સ્ટેશન પુનઃ ચાલુ કરવા જેવી ૧૧ માંગણીઓ પડતર : મોઢાસણ બેઠકનું ફોર્મ ભરતી વખતે આવેલા ટેકેદારોના ટોળા સત્યાગ્રહ વખતે ગાયબ


(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

મોડાસા, તા. ૩૦

નવનિર્મિત અરવલ્લી જિલ્લાની કેન્દ્ર સરકારના રેલવે ખાતા સમક્ષ ૧૧ જેટલી પડતર માંગણીઓના સંદર્ભમાં વિવિધ રજૂઆતો કરવા છતાં હકારાત્મક ઉકેલ ના આવતા આખરે સાબરકાંઠા સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, મોડાસા રેલવે સ્ટેશન પર સત્યાગ્રહ પર બેઠા હતા. જિલ્લાના ચાર રેલવે સ્ટેશનોએ તેમની સાથે જ સત્યાગ્રહ પર બેઠેલા આગેવાનોએ કેન્દ્ર સરકાર દ્વારા સત્વરે તેમની માંગણીઓ સ્વીકારાય તેવી માંગ કરી હતી.

એક સમયના સાબરકાંઠાના અને હાલ અરવલ્લી જિલ્લામાં સમાવિષ્ટ મોડાસામાં રેલવે લાવવા માટે ૫૦ વર્ષથી વધુ સમય સુધી જંગ ચાલ્યો હતો. ત્યારબાદ એનડીએના શાસનમાં મોડાસા-કપડવંજ રેલવેની શરૂઆત કરવામાં આવી હતી. પરંતુ કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર આવતા મોડાસા રેલવે પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવ્યું હતું તેમજ બાયડ તાલુકામાં આવેલ ડેમાઈ સ્ટેશન તો બંધ કરી દેવામાં આવ્યું હતું. દરમ્યાન સિંચાઈની પાઈપલાઈન, ગરનાળાનું વિસ્તૃતિકરણ, એલસી, આરયુબીની માંગણી અને મોડાસા-શામળાજી કનેક્ટીવીટી એક્સેટેન કરા જેવી બાબતો અંગે રેલવેમાં અનેક રજૂઆતો કરવામાં આવી પરંતુ દરેખ વખતે બહેરા કાને અથડાતા આવી ૧૧ જેટલી પડતર માંગણીઓ સંતોષાય તે હેતુથી ભાજપના સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણે એક સાથે મોડાસા, ધનસુરા, બાયડ અને ડેમાઈ એમ ચાર રેલવે સ્ટેશનો પર સત્યાગ્રહનો કાર્યક્રમ હાથ ધર્યો હતો. જો કે સાંસદની આ પ્રજાના પ્રશ્નો માટે અવાજ ઉઠાવવાની હાકલ દરમ્યાન પ્રજાનો કે કાર્યકરોનો સહકાર સાંપડ્યો નહોતો. લગભગ ૭૧ હજાર મોડાસા સહિત જિલ્લાના ૫ લાખથી વધુ નાગરિકોને અસર કરતા આ પ્રશ્નો પ્રત્યે પ્રજાની જ બેદરકારીથી આશ્ચર્ય ફેલાવા પામ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે મેઢાસણ બેઠકનું ફોર્મ ભરવા સમયે હાકલા-પડકારા કરતા ભાજપના સ્થાનિક નેતાઓ અને કાર્યકરો પ્રજાલક્ષી પ્રશ્નો પર અવાજ ઉઠાવવાના સમયે ગાયબ થઈ ગયા હતા. જો કે સાંસદ મહેન્દ્રસિંહની સાથે આ લડતમાં મોડાસા નગરપાલિકાના મેયર એસ.આર. પટેલ, પૂર્વ મેયર શૈલેષભાઈ, કાઉન્સીલર નિતન પંડ્યા, સાબર સંઘના ચેરમેન પ્રભુદાસ પટેલ અને અશોક પટેલ જેવા કેટલાક આગેવાનો હાજર રહ્યા હતા. પરંતુ જેની અપેક્ષા હતી તે પ્રજા અને કાર્યકરોની ગેરહાજરી આંખે ઉડીને વળગતી હતી. જો કે મોડાસા રેલવેને શહેરની બહાર પડાપુર તરફ ખસેડવાની હિલચાલથી લોકો બે પક્ષમાં વહેંચાઈ ગયા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

## હિંમતનગરના ગિરધરનગરમાં મકાનના ભોંયરામાં આગ લાગતા દોડધામ

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગરના ગિરધરનગર વિસ્તારમાં આવેલા એક મકાનમાં બેઝમેન્ટ એરિયામાં શનિવારે સવારે અગમ્ય કારણોસર આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. મકાન રહીશે સમય સુચકતા વાપરી હિંમતનગર ફાયરબ્રિગેડ વિભાગને જાણ કરતા ફાયરબ્રિગેડની ટીમે તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી આગ બુઝાવી દીધી હતી. સમયસુચકતાને પગલે મકાન રહીશને કોઈ મોટુ નુકશાન કે જાનહાની પહોંચી ન હતી.

આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર શહેરના ગિરધરનગર વિસ્તારમાં સોહનલાલ એમ. પ્રજાપતિનું મકાન આવેલું છે. શનિવારે સવારના સુમારે કોઈ કારણસર મકાનના બેઝમેન્ટ એરિયામાં આગ લાગતા ધૂમાડાના ગોટેગોટા નીકળવા શરૂ થતા વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. જે અંગે રહીશે તાત્કાલિક નગરપાલિકા ફાયરબ્રિગેડને જાણ કરતા ફાયરબ્રિગેડની ટીમે ઘટના સ્થળે પહોંચી જઈ આગ બુઝાવી દીધી હતી. ગિરધરનગરના મકાનના બેઝમેન્ટમાં લાગેલી આગથી કોઈ મોટુ નુકશાન થયું નથી કે જાનહાની થઈ નથી. મકાન માલિકની અને ફાયરબ્રિગેડની સમયસુચકતાથી વ્યાપક નુકશાન થતું અટક્યું હતું.

## કોલીયડ કંપા રોડ ઉપર બમ્પર ટેન્કર ટકરાતા ટેન્કર ખાડામાં ખાબક્યું



ધનસુરા, તા. ૩૦

મોડાસા-ધનસુરા રોડ છેલ્લા કેટલાક સમયથી અકસ્માતનો ઝોન બની ગયો હોય તેમ અકસ્માતોની પરંપરા સર્જાઈ છે. આ રોડ ઉપર અગાઉ લકઝરી બસ અને ટ્રક વચ્ચેના અકસ્માતની સાહી સુકાઈ નથી ત્યાં આજે સવારે એક ડમ્પર અને ટેન્કર વચ્ચે ધડાકાભેર અકસ્માત થતાં ટેન્કર પલ્ટી ખાઈ ઊંડા ખાડામાં ખાબકી હતી જો કે ડંપરને પણ મોટુ નુકશાન થયું હતું. થોડો દિવસ પહેલા ધનસુરા સ્મશાન સામે એક મારૂતી ગાડીએ રાહદારીને ટક્કર મારતા ગંભીરરીતે ઘાયલ થયેલ. આ રોડ ઉપર દોડતા બેફામ વાહનોની સ્પીડ ગતિ મર્યાદા કરવાની જરૂર છે. ધનસુરા ચાર રસ્તા આગળ બમ્પ અને ડીવાઈડર ન હોવાથી મોટો અકસ્માતનો ભય છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુઝિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ અને મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન